વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો, શ્રદ્ધા કેરો દીપક ના કદીયે ઓલવાજો, મારું જીવન અંજલિ થાજો...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૪૨ | ૧૦ નવેમ્બર, ૨૦૨૦, મંગળવાર; નિ. આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ફેંસલો : બિહારમાં પુનરાવર્તન કે પરિવર્તન

**૧૦ રાજ્યોની ૫૪ બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીનું પણ આજે પરિણામ જાહેર થશે : બિહારમાં સૌથી મોટો સવાલ કે એનડીએ સરકાર યથાવત્ રહેશે કે સત્તાનું પરિવર્તન મહાગઠબંધન બિરાજશે : કોંગ્રેસને ધારાસભ્યો તૂટવાનો ડર, અવિનાશ પાંડે, સૂરજેવાલાને પટના મોકલ્યા, ધારાસભ્યોને એક જુથ રાખવા કવાયત**



ન્યુ દિલ્હી,તા.૯

આવતીકાલે પરિણામનો દિવસ છે. બિહાર વિધાનસભાની ચુંટણીનું પરિણામ કાલે આવવાનું છે સાથો સાથ ૧૦ રાજ્યોની ૫૪ બેઠકો ઉપર યોજાયેલી પેટા ચુંટણીનું પરિણામ પણ કાલે જ આવશે. ગુજરાતની ૮ બેઠકોની મત ગણતરી પણ કાલે જ થશે. આમ ભારતના રાજકારણ માટે આવતીકાલનો દિવસ ઘણો મહત્વનો છે. કાલે મધ્યપ્રદેશમાં પણ પરિણામો નવાજુની સર્જી શકે છે.

બિહારની ૨૪૩ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી પહેલાં આવેલા એક્ઝિટ પોલ માં મુખ્યમંત્રી નીતીશ કુમાર ની વિદાય અને રાષ્ટ્રીય જનતા દળની આગેવાની હેઠળના મહાગઠબંધનની સરકાર બનવાના સંકેત મળી રહ્યા છે. એક્ઝિટ પોલના પરિણામોથી પ્રોત્સાહિત કોંગ્રેસને હવે તેના ધારાસભ્યો તૂટવાનો ભય સતાવવા લાગ્યો છે.

કોંગ્રેસ હવે એક્ટિવ મોડમાં આવી ગઈ છે. મતોની ગણતરી બાદ કોંગ્રેસે ધારાસભ્યોને એકજૂથ રાખવા માટે બે વરિષ્ઠ નેતાઓને પટના મોકલ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ

● અનુસંધાન પાન-૭ પર

## મધ્ય પ્રદેશની પેટાચૂંટણીના પરિણામ ભાજપ સરકારનું ભાવિ નક્કી કરશે

ભોપાલ,તા.૯

બિહાર વિધાનસભાની ચૂંટણીની સાથે સાથે મધ્ય પ્રદેશની ૨૮ બેઠકો પર પણ પેટા ચૂંટણી યોજાઇ હતી. જેનું પરિણામ ૧૦ નવેમ્બરે મંગળવારે જાહેર કરવામાં આવશે. પેટા ચૂંટણીના પરિણામ મધ્ય પ્રદેશની શિવરાજ સરકારનું ભવિષ્ય નક્કી કરશે. મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણે પોતાની સરકાર બચાવવી છે તો તેમણે ૯ બેઠકો તો જીતવી જ પડશે. બીજી તરફ મધ્ય પ્રદેશ કોંગ્રેસે પણ જીતનો દાવો કર્યો છે. મહત્વપૂર્ણ છે કે રાજ્યસભાની ચૂંટણી પહેલા જ્યોતિરાદિત્ય સિંધિયાએ કોંગ્રેસમાંથી બળવો કરતા સિંધિયાની સાથે ૨૨ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા જેને કારણે આ બેઠકો ખાલી પડી હતી.



મધ્ય પ્રદેશની ૨૮ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઇ હતી. જેમાંથી ૨૨ બેઠક એવી છે જેમાં કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા અને ભાજપમાં જોડાઇ જતા કમલનાથની સરકાર તૂટી ગઇ હતી અને ફરી શિવરાજ સિંહ ચૌહાણની સરકાર બની હતી. ચોથી વખત મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી બનેલા શિવરાજ સિંહ ચૌહાણ સરકારનું ભવિષ્ય આ ૨૮ બેઠકો પર રહેલુ છે. મધ્ય પ્રદેશમાં અત્યારે ભાજપના ૧૦૭ ધારાસભ્ય છે અને ભાજપને સાદી બહુમતી માટે આ ૨૮ બેઠકમાંથી ઓછામાં ઓછી ૯ બેઠક જીતવી જરૂરી છે. બીજી તરફ જ્યોતિરાદિત્ય સિંધિયા જૂથના ધારાસભ્યોના પક્ષ પલટાથી સત્તા ગુમાવનાર કમલનાથ આ પેટા ચૂંટણી દ્વારા ફરી રાજ્યની સત્તા હસ્તગત કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, તે માટે કોંગ્રેસે તમામ ૨૮ બેઠક જીતવી જરૂરી છે, જે અશક્ય લાગી રહ્યુ છે.

મધ્ય પ્રદેશ કોંગ્રેસ મતદાન પછી જીતનો દાવો કરી રહી છે અને રાજ્યમાં કમલનાથ સરકાર બનવાનો વિશ્વાસ છે.

# અયોધ્યામાં પ્રથમવાર ભવ્ય ડિજિટલ દિવાળી કરાશે

**લેઝર શોના માધ્યમથી સરયૂ કિનારા પર આતશબાજી થશે, સરકાર પ્રથમવાર વર્ચ્યુઅલ દીપોત્સવનું આયોજન કરશે**



અયોધ્યા,તા.૯

દિવાળીના તહેવાર પર ઉત્તર પ્રદેશની યોગી સરકાર ભવ્ય ડિજિટલ દીપાવલી મનાવવાની તૈયારી કરી રહી છે. તો હવે ૫૦૦ વર્ષોમાં પ્રથમવાર રામજન્મભૂમિ પર થનારી દિવાળીને યાદગાર બનાવવામાં યોગી સરકાર લાગી ગઈ છે. દીપોત્સવના અવસર પર અયોધ્યામાં પ્રથમવાર ડિજિટલ આતાશબાજી થશે. અયોધ્યામાં ભક્તો માટે દીપ પ્રગટાવવાની વ્યવસ્થા થશે. આ વખતે લેઝર શોના માધ્યમથી સરયૂ કિનારા પર આતશબાજી થશે. તો યોગી સરકાર અયોધ્યામાં પ્રથમવાર વર્ચ્યુઅલ દીપોત્સવનું આયોજન કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# વારાણસીને દિવાળી ભેટ : ૭૦૦ કરોડથી વધુની યોજનાઓનું મોદી દ્વારા લોકાર્પણ

**કાશી માત્ર ઉત્તર પ્રદેશ નહીં પંરતુ આખા પૂર્વાંચલ માટે સ્વાસ્થ્ય સુવિધાઓનું હબ બની રહ્યું હોવાનો વડાપ્રધાનનો દાવો**

નવી દિલ્હી, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારના રોજ પોતાના સંસંદીય મત વિસ્તાર વારાણસીને દિવાળીની ગિફ્ટ આપી. પીએમ મોદીએ અંદાજે ૭૦૦ કરોડથી વધુની યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કાશીમાં જે પણ થઈ રહ્યું છે તે બાબા વિશ્વનાથની કૃપાથી થઈ રહ્યું છે. પીએમ મોદી બોલ્યા કે હવે કાશી સ્વાસ્થય સુવિધાઓનું હબ બની રહ્યું છે.

પ્રધાનમંત્રીએ અહીં એક વખત ફરીથી લોકોને લોકલ

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન



રૂચિર ભટ્ટ
પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર
આપની ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગરના પ્રમુખ તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
મુંજાલ રાવલ
અગ્રણી, ગાંધીનગર બ્રહ્મસમાજ

જય શ્રી રામ
શ્રી હનુમાનજી મંદિર ટ્રસ્ટ, ડભોડા
તા.જી. ગાંધીનગર
કોરોનાની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને દિવાળીના તહેવારોમાં તા. 13/11/2020 ને શુક્રવારના રોજ થી તા. 17/11/2020 ને મંગળવાર સુધી મંદિર દર્શન માટે બંધ રહેશે. તા. 13/11/2020 ને શુક્રવારે રાત્રે 12:00 વાગે કાળીચૌદશની મહાઆરતી સંદેશ ન્યૂઝ ચેનલ, ફેસબુક તથા યૂટ્યૂબ પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. મંદિર બંધના સમય દરમ્યાન કોઈપણ દર્શનાર્થીને મંદિર માં પ્રવેશ આપવામાં આવશે નહિ.
મંદિર તા.18/11/2020 ને બુધવારે નીચેના સમય પ્રમાણે મંદિર ખુલશે.
રવિવાર થી શુક્રવાર - સવારે 08:00 થી 12:00 સાંજે 03:00 થી 06:00
શનિવારે - સવારે 08:00 થી સાંજના 06:00
નોંધ : મહાઆરતી સંદેશ ન્યૂઝ ચેનલ, ફેસબુક તથા યૂટ્યૂબમાં - dabhodiyahanuman પેજ પર લાઈવ કરવામાં આવશે. ધનતેરસ કાળીચૌદશનો મેળો બંધ રાખવામાં આવેલ છે.

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર
વર્ષ ૨૦૨૧-૨૨ના હોદ્દેદારો



વધે નામના તમારી એવી શુભકામના અમારી
શ્રી વિક્રમસિંહ સરદારસિંહ ગોલ
પ્રમુખ
શ્રી પ્રદિપસિંહ પી. બિહોલા — મહામંત્રી
શ્રી જીલુસિંહ વિહોલ — ઉપપ્રમુખ
શ્રી મહેશસિંહ રાઓલ — ઉપપ્રમુખ
શ્રી બાબુસિંહ એસ. વાઘેલા — ખજાનચી
શ્રી બિપીનસિંહ વાઘેલા — સહમંત્રી
શ્રી પંકજસિંહ આર. વાઘેલા — સહમંત્રી
શ્રી સિદ્ધરાજસિંહ ચાવડા — સંગઠન મંત્રી
શ્રી બી. ટી. વાઘેલા — ઓડીટર
શ્રી કિરીટસિંહ ગોલ — સહ ઓડીટર
કારોબારી સભ્યશ્રીઓ
શ્રી રણવીરસિંહ રાઠોડ, શ્રી પૃથ્વીસિંહ પરમાર, શ્રી પ્રહલાદસિંહ ગોહિલ, શ્રી જગદીશસિંહ ચાવડા, શ્રી મેરૂસિંહ ચાવડા
પ્રચાર-પ્રસાર સમિતિ
શ્રી વિનોદસિંહ રાઠોડ (વરિષ્ઠ પત્રકાર, મેનેજીંગ તંત્રી-વંદે ગુજરાત)
શ્રી ધર્મેન્દ્રસિંહ કુંપાવત (વરિષ્ઠ ફોટોગ્રાફર, ગુજરાત સમાચાર)
રાજપૂત સમાજના સૌ પદાધિકારીઓને અંતરના ઉમળકાથી શુભેચ્છાઓ પાઠવીએ છીએ...
ડો. સી. જે. ચાવડા (ધારાસભ્યશ્રી) | એલ. કે. વાઘેલા
ડો. શંકરસિંહ રાણા | પ્રેમલસિંહ ગોલ
શંકરસિંહ ગોહિલ | બી. કે. ચાવડા
અજીતસિંહ વાઘેલા (વિરેન્દ્રસિંહ) | યુવરાજસિંહ વાઘેલા
જશુભા પરમાર | કુબેરસિંહ ગોલ
શૈલેન્દ્રસિંહ બિહોલા | અમરસિંહ ગોલ
મહેન્દ્રસિંહ રાણા | વનરાજસિંહ ચાવડા
દિનેશસિંહ ચાવડા | પ્રવિણસિંહ ડાભી
રતનસિંહ વાઘેલા | ભાવનાબા વિક્રમસિંહ ગોલ
 | બીનાબા શંકરસિંહ ગોલ
 | સતીશભાઈ ઠક્કર

દિપાવલીના તહેવારો માટે ભેટ આપવા ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ તથા તમામ પ્રકારનું / ડ્રાયફ્રુટ વ્યાજબી ભાવે મેળવવાનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ
નોંધ : ડ્રાયફ્રુટ ઉપરાંત ડ્રાઈડ-ફ્રુટ, એલચી, લવીંગ, મરી, સૂંઠ-ગંઠોડા પાવડર, મઠીયા, સિકંદર સીંગ-દાળીયા, KIMIA ખજૂર વિગેરે વ્યાજબી ભાવે ઉપલબ્ધ છે.
અરિહંત ડ્રાયફ્રુટ્સ
બેંક ઓફ બરોડા (દેના બેંક) સામે, પુનિત એમ્પોરિયમની બાજુમાં, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર
સમય : સવારે ૯-૩૦ થી રાત્રીના ૯-૦૦ સુધી
સંપર્ક : આર.ડી. ગાંધી/હેમાંગ ગાંધી
૯૯૨૪૧ ૨૩૧૬૪/૯૩૭૭૭ ૨૩૧૬૪

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧



પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૨,૭૬,૦૦૦/-* સબસીડી મળવા પાત્ર
Shivalay City
THE PLEASURE OF LIVING...
2 - 3 BHK Luxurious Apartments
Starting Price
2 BHK - 32* LAKH Onward
૨ માસમાં બુકિંગ કરાવનારને મોડ્યુલર કિચન + આર.ઓ. પ્લાન્ટ ફ્રી
Developers Shivalay DEVELOPERS
Contact No.
98259 22309 I 98250 22173
98256 04575 I 84605 55575
K-7, વસંત વગડાની સામે, શિવાલય પાર્ટી પ્લોટની પાછળ, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
Rera No. PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA07611/291020 Gujrera.Gujarat.gov.in